

# વિષય : ધો. ૬ થી ૮ માં અનિયમિત વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ

**શ્રીમતી સોલંકી દિપીકા કે.**
(કમ્પ્યુટર શિક્ષક-ઉ.પ્રા.વિ.)

➢ **પ્રસ્તાવના :**

શિક્ષણ એ બાળકનાં સર્વાંગી વિકાસ માટે અત્યંત આવશ્યક સાધન છે.જયાં વિદ્યાર્થી જીવનની શરૂઆતથી જ શીખવા લાગે કે કેવી રીતે પોતાના ભવિષ્યનું નિર્માણ કરવું. પણ તો આજનાં સમયમાં ઘણી શાળાઓમાં વિદ્યાર્થીઓની અનિયમિત હાજરી એક ગંભીર સમસ્યા બની ગઇ છે. શાળામાં નિયમિત ન રહેતાં વિદ્યાર્થીઓ માત્ર શૈક્ષણિક રીતે જ પાછા રહી જાય છે તેમ નહી પણ, તેમના વ્યકિતત્વનાં વિકાસમાં પણ અડચણ આવે છે. આ સમસ્યા પાછળ અનેક કારણો જવાબદાર હોય શકે છે. આપણે આ સમસ્યાનાં કારણો સુધી તેના યોગ્ય ઉપાયો શોધીશું, જેથી વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત રીતે હાજર રહી શકે અને સંપૂર્ણ રીતે પોતાનું ભવિષ્ય ઘડી શકે.

➢ **સમસ્યા કથન :**

"અમારી શાળામાં કેટલાંક વિદ્યાર્થીઓ વારંવાર ગેરહાજર રહે છે. તેઓ નિયમિત રીતે પાઠયક્રમમાં ભાગ નથી લેતા, જેના કારણે અભ્યાસમાં પાછળ રહી જાય છે. પરીક્ષામાં સારુ પ્રદર્શન કરી શકતા નથી અને ધીમે-ધીમે અભ્યાસ પ્રત્યે ઉદાસીન થઇ જાય છે. આ અનિયમિતતાથી તેમના ભવિષ્ય પર નકારાત્મક અસર પડે છે. અને શાળાનાં શૈક્ષણિક વાતાવરણ પર પણ પ્રતિકૂળ અસર થાય છે." સમસ્યાનું કથન લખતાં સમયે હંમેશા ત્રણ બાબતો ધ્યાનમાં રાખો :

૧) સમસ્યા કોને છે? (વિદ્યાર્થીઓને)

૨) સમસ્યા શું છે? (શાળામાં અનિયમિત રહે છે, અભ્યાસમાં પાછળ પડે છે.)

૩) સમસ્યા કેમ મહત્ત્વની છે? (પરિણામે ભવિષ્ય બગડે છે, શાળા પરિસ્થિતિ પ્રભાવિત થાય છે. વિદ્યાર્થીની અનિયમિતતા એટલે અવ્યવસ્થા, ગડબડ નિયમ કે સ્થિરતા ન હોવી.

જેમાં કોઇ કાર્યપ્રણાલી, નિયમ કે વ્યવસ્થા, નિયમિતતા, સાતત્ય, શિસ્ત મુજબ ન ચાલે તે.

➢ **સમસ્યાનું ક્ષેત્ર :**

શાળાનાં ધો- ૬ થી ૮ નાં વર્ગમાંથી ૧૦ તારવેલાં વિદ્યાર્થીઓ.

➢ **શાળામાં અનિયમિત રહેતા વિદ્યાર્થીઓની સમસ્યાની ઓળખ :**

**૧)** દૈનિક હાજરી રજીસ્ટર તપાસીને વિદ્યાર્થીઓની ગેરહાજરીનું આવર્તન (વારંવાર ગેરહાજર રહેવું) સમજવા.

૨) જે વિદ્યાર્થીઓ નિયમિત રીતે ગેરહાજર રહે છે, તેમના પરિણામોમાં ઘટાડો, હોમવર્ક અધૂરું હોવું અથવા પરીક્ષામાં ઓછા ગુણ મળવા પરથી પણ ઓળખ થાય છે.

**૩)** વર્ગ શિક્ષક અથવા વિષય શિક્ષક વિદ્યાર્થીઓની ગેરહાજરીથી થયેલા ખાલીપો અને પાઠયક્રમમાં પાછળ પડવાથી પરિસ્થિતિ ઓળખી શકે છે.

**૪)** જયારે વિદ્યાર્થી વારંવાર ગેરહાજર રહે ત્યારે શાળા માતા-પિતા સાથે સંપર્ક કરીને કારણો શોધે છે.

**૫)** સહપાઠીઓ પાસેથી જાણવા મળે કે વિદ્યાર્થી કયાં કારણસર ગેરહાજર રહે છે.

**૬)** એવા વિદ્યાર્થીઓ રમત-ગમત, પ્રોજેકટ કે જૂથ પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં નથી, જેનાથી તેમની અનિયમિતતા સ્પષ્ટ થાય છે.

એટલે કે, હાજરીનો રેકોર્ડ +શિક્ષકનું અવલોકન+ શૈક્ષણિક પ્રગતિ+ માતા-પિતા સાથેનો સંવાદ= આ બધાના આધારે અનિયમિત વિદ્યાર્થીઓની સમસ્યા ઓળખાય છે.

➢ **સંભવિત કારણો :**

**૧) શૈક્ષણિક કારણો** : (૧) અભ્યાસમાં રસ ન હોવો. (૨) વિષય કઠિન લાગવો. (૩) પાઠયક્રમ સમજવામાં મુશ્કેલી

**૨) કુટુંબ જીવનનાં કારણો** : (૧) ઘરમાં આર્થિક પરિસ્થિતિ નબળી હોવી. (૨) માતા-પિતા શિક્ષણને મહત્વ આપતા હોવું. (૩) ઘરમાં જવાબદારીઓ (કામ-કાજ, ભાઇ બહેનની સંભાળ)

**૩) શાળાથી જોડાયેલાં કારણો** : (૧) શિક્ષક સાથે સંવાદ કે સંબંધ ન હોવો, (૨) શાળાનું વાતાવરણ ન ગમવુ, (૩) શાળામાં સુવિધાઓનો અભાવ.